# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્ય સરકારે રવિ સિઝન માટે ઘઉં પિયતનાં પ્રતિ ક્વિન્ટલ 4 હજાર 200 અને ચણા માટે 7 હજાર 400 રૂપિયા ટેકાનો ભાવ નક્કી કર્યો.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

3) ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધવિરામને પગલે રાજ્ય સરકારનાં કર્મચારીઓ અને અધિકારીઓ રજા લઈ શકશે

4) રાજ્યમાં 16મી સિંહ વસતિ ગણતરીનો બીજો અને અંતિમ તબક્કો આજે પૂર્ણ થયો.

5) આગામી ત્રણ દિવસ માટે રાજ્યમાં કેટલાંક સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KRUSHI BHAV PANCH

આજે ગાંધીનગરમાં કૃષિ ભાવ પંચની બેઠક માં વર્ષ 2026-27 માટે રવિ પાકનાં ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યાં.

કૃષિ મંત્રી રાઘવજી પટેલ બેઠકમાં જણાવ્યું કે, ઘઉ પિયત માટે પ્રતિ ક્વિન્ટલ 4200, ચણા માટે 7400 અને રાઈ ના ક્વિન્ટલ દીઠ 7600 જ્યારે શેરડી માટે એક ટનના 630 નક્કી કરવામાં આવ્યા છે. ગત વર્ષ કરતાં 5 થી 10 ટકા ભાવ વધારો સૂચવાયો છે

ભારતીય કિસાન સંઘના મહા મંત્રી આર.કે પટેલ જણાવ્યું હતું કે, સરકારે ગત વર્ષે ઘઉંના ટેકાના ભાવમાં વધારો કર્યો છે, રાઈ ચણા શેરડીમાં પણ ભાવ વધારો કર્યો છે. ભારત સરકાર MSP ના ભાવ વધારાને મંજૂર કરે તેવી આશા છે.

ઉલ્લેખનીય છે કે , રાજ્ય સરકાર ટેકાના ભાવે ખેડૂતોની વિવિધ જણસની ખરીદી કરે છે.

. . . . . . . . . . . . .

# TIRANGA YATRA

ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાનાં પરાક્રમને બિરદાવવા રાજ્યભરમાં અનેક સ્થળોએ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે સાંજે અમદાવાદમાં નવા વાડજ વ્યાસવાડી ચાર રસ્તા ખાતે તિરંગો હાથમાં લઇ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યુ હતું. યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ભાવનગરમાં આવતી કાલે તિરંગા યાત્રા યોજાશે.

આજે કેન્દ્રિય  રાજ્ય મંત્રીશ્રી નિમુબેન બાંભણીયાની અધ્યક્ષતામાં તિરંગા યાત્રીની પૂર્વ તૈયારી માટેની બેઠક યોજાઇ હતી. આવતી કાલે સાંજે પાંચ કલાકે આ યાત્રા મોતીબાગ ટાઉનહોલથી શરૂ  થશે અને હલુરિયા ચોકના 'શહીદ સ્મારક' ખાતે પૂર્ણ થશે

. . . . . . . . . . . . . .

# GANDHINAGAR U N MEHTA UNIT

અમદાવાદની યુ એન મહેતા હાર્ટ હોસ્પિટલનું એક એકમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલમાં નવી ૧6 બેડની હોસ્પિટલમાં કાર્ડિયોલોજીની સાથે ન્યુરોલોજી ડિપાર્ટમેન્ટ પણ શરૂ કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પ્રથમ ત્રણ માળ પર યુએન મહેતા ઇન્સ્ટિટયૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ઉભું કરવામાં આવશે. આ હોસ્પિટલમાં 10થી 12 ડોક્ટરો ની ટીમ 24 કલાક કાર્યરત રહેશે.

ચાલુ મહિના ના અંત સુધીમાં જ બંને યુનિટ કાર્યરત થઈ જાય તેવી શક્યતા.

આ અંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો મિત્તા પરિખે વધુ માહિતી આપી

(BYTE DR. MITA PARIKH, CIVIL HOSPITAL)

. . . . . . . . . . . . .

# EMPLOYEE HOLIDAYS

ભારત-પાકિસ્તાન વચ્ચે ઊભી થયેલી યુદ્ધની સ્થિતિને પગલે  રાજ્ય સરકારે સાવચેતીના ભાગરૂપે તમામ સરકારી કર્મચારી અને અધિકારીઓની રજા રદ કરી હતી.

જો કે યુધ્ધ વિરામની જાહેરાતને પગલે પરિસ્થિતિ સામાન્ય બનતાં સરકારે હવે રજાઓ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે. જોકે આ કર્મચારીઓએ અનિવાર્ય સંજોગોમાં તાત્કાલિક ફરજ પર હાજર થવું પડશે તેમજ રજાઓ દરમિયાન ફોન અને ઇમેલ પર સતત ઉપલબ્ધ રહેવું પડશે.

. . . . . . . . . . . . .

# KACCH ---JANJIVAN PURVAVAT

ભારત પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ બાદ સરહદ સાથે જોડાયેલા પૂર્વથી પશ્ચિમ કચ્છ સુધીના તમામ ગામોમાં જનજીવન સામાન્ય થયું છે.
ચિંતાભર્યા માહોલ બાદ લોકો હવે રોજિંદી પ્રવૃત્તિઓમાં પાછા ફર્યા છે.

અબડાસા તાલુકાના નલિયામાં બજારોની રોનક પરત ફરી છે, તો લખપતના દયાપરમાં લોકો વહીવટી કામો માટે આવવા લાગ્યા છે. નારાયણ સરોવર યાત્રાધામમાં પણ ભાવિકોની અવરજવર શરૂ થઈ છે.

ભુજ તાલુકાના દુર્ગમ ખાવડામાં પણ પરિસ્થિતિ સામાન્ય બની હોવાનું જાણવા મળ્યું છે. સ્થળાંતરીત થયેલા મજૂરો હવે પાછા ફરી રહ્યા છે. રાપર તાલુકાના સરહદી બેલા અને આસપાસના વિસ્તારોમાં પણ જનજીવન પૂર્વવત થયું છે.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR DAIRY PRICE RISE

સુરેન્દ્રનગર જિલ્લાની સૂરસાગર ડેરી દૂધ સંઘ દ્વારા પશુપાલકો પાસેથી દૂધનો ખરીદ ભાવ પ્રતિ કિલો ફેટ 30 રૂપિયા વધારીને 830 રૂપિયા કરવામાં આવ્યો છે. ગયા મહિને પણ ડેરી દ્વારા દૂધની ખરીદીમાં પ્રતિ કિલો ફેટ 100 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

હાલ સુરેન્દ્રનગર જીલ્લામાં દૈનિક 650 જેટલી દૂધ સહકારી મંડળીઓ દ્વારા સવા પાંચ લાખ કિલો દૂધનું સંપાદન થાય છે.

બે મહિનામાં રૂપિયા 130 રૂપિયાનાં વધારાથી પશુ પાલકોને આર્થિક ફાયદો થઈ રહ્યો છે.

આ અંગે પશુપાલક રાજાભાઇએ પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું-

(BYTE -- RAJABHAI, PASHUPALAK, SURENDRANAGAR)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SURENDRANAGAR KHANIJ MAFIA

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ અને મુળી તાલુકાના ખનીજ માફિયાઓ સામે 300 કરોડ રૂપિયાથી વધુની વસુલાત કરવા નોટીસ જાહેર કરાઇ છે .

ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી.મકવાણાએ , થાનગઢ તાલુકાના જામવાળી ,ભડુલા તેમજ મુળી તાલુકાના વગડીયા ,ઉમરડા, કોટડા , ખંપાળિયા, વિજળીયા સહિતના ગામોમાં દરોડા પાડીને ખનીજ ચોરી ઝડપી લીધા બાદ , આ બંને તાલુકાના 431 જેટલા ગેરકાયદે કુવા ખોદીને ખનન કરનાર વ્યક્તિઓની યાદી બનાવી તેમની સામે રૂપિયા 300 કરોડ 16 લાખની વસુલાત કરવા નોટીસ આપવામાં આવી છે

ચોટીલા નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને મામલતદાર મૂળીની સંયુક્ત ટીમ દ્વારા મુળી તાલુકાના ઉમરડા ગામની સરકારી જમીનમાં ગેરકાયદેસર કાર્બોસેલના ૧૫ ખાડા , સાત ચરખી , તેમજ આશરે ૩૦૦ ટન ગેરકાયદેસર કાર્બોસેલ સહિતના ૧૨ લાખનો મુદામાલ જપ્ત કરી , આશરે ૨૦૦ થી વધુ પરપ્રાંતીય મજૂરોને વતનમાં રવાના કર્યા હતાં.

. . . . . . . . . . . . .

# BHARAJ RIVER POOL

છોટા ઉદેપુર જિલ્લામાં નેશનલ હાઇવે ૫૬ પર ભારજ નદી પરનો પુલ તૂટી જતાં નવા પુલનું ખાત મૂહુર્ત આજે સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે કરવામાં આવ્યું. જિલ્લાની જીવાદોરી સમાન આ પુલ 2023માં તૂટી જતાં જિલ્લો બે ભાગમાં વહેંચાઈ ગયો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા 35 કરોડ રૂપિયાનાં ખર્ચે નવો પુલ બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. આગામી દોઢ વર્ષમાં આ પુલની કામગીરી પૂરી કરવાનો લક્ષ્યાંક છે.

. . . . . . . . . . . . .

# KESAR KERI MAHOTSAV AHMEDABAD

અમદાવાદ અને ગાંધીનગરના લોકોને રસાયણમુક્ત કેરી કિફાયતી ભાવે મળે તે માટે અમદાવાદ ખાતે “કેસર કેરી મહોત્સવ-૨૦૨૫”નું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

**(VOICE CAST – JAYESH GADDAMVAR, KERI MAHOTSAV)**

રાજ્યભરમાં ગુજરાતીઓની પ્રિય કેસર કેરીનું આગમન થઈ ગયું છે, ત્યારે રાજ્ય સરકારે કેસર કેરી મહોત્સવનું આયોજન કર્યું છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલ આવતી કાલે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫”નો શુભારંભ કરાવશે.

કેસર કેરી મહોત્સવમાં ખેડૂત મંડળીઓ , નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને આશરે ૮૫ જેટલા સ્ટોલ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. ૧૩ જૂન સુધી ચાલનારા આ મહોત્સવમાં નાગરિકોને તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારીની સ્વાદિષ્ટ અને કાર્બાઇડમુક્ત કેરીઓ ઉપલબ્ધ થશે.

વર્ષ ૨૦૨૩માં યોજાયેલા “કેસર કેરી મહોત્સવ”માં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રેકોર્ડબ્રેક બે લાખ 70 હજાર કિલોગ્રામથી વધુ કેરીની ખરીદી કરી હતી.

જયેશ ગડ્ડમવાર, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ

------

. . . . . . . . . . . . .

# ASIATIC LION CENSUS

રાજ્યમાં 16મી સિંહ વસતિ ગણતરીનો બીજો અને અંતિમ તબક્કો આજે પૂર્ણ થઈ રહ્યો છે. પ્રથમ તબક્કો રવિવારે પૂર્ણ થયો હતો. એશિયાઇ સિંહની ગણતરી માટે અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ , ભાવનગર, રાજકોટ સહિતનાં ૧૧ જિલ્લાનાં ૫૮ તાલુકાઓનો ૩૫ ,૦૦૦ ચોરસ કિલોમીટક વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. ધારી ગીર પૂર્વ વન વિસ્તારમાં આ કામગીરીમાં અધિકારીઓ , ગણતરીકાર અને સ્વયંસેવકો સહિત 511 લોકો જોડાયા છે.

આ સમગ્ર પ્રક્રિયાને અંતે ડેટા વિશ્લેષણ બાદ સિંહની વસતિનો અંતિમ અંદાજ અહેવાલ તૈયાર થશે. વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસતિ ગણતરી કરવામાં આવે છે. છેલ્લે વર્ષ-૨૦૨૦માં ૬૭૪ જેટલા સિંહોની વસ્તી નોંધાઇ હતી.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે રાજ્યમાં અનેક સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આવતી કાલે દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અને સૌરાષ્ટ્ર -કચ્છના તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

આગામી દિવસોમાં રાજ્યમાં વાતાવરણમાં પલટો જોવા મળી શકે છે, જેમાં હળવા વરસાદની સાથે પવનની ગતિ પણ વધુ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં 3 થી 5 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાઈ શકે છે.

(BYTE RAMASHRAY YADAV)

. . . . . . . . . . . . .

# GSEB GUN CHAKASANI ARJI

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાનાં પરિણામ બાદ જે ઉમેદવારો ગુણ ચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા ssc.gseb.org પર આજથી 20 મેનાં રોજ સાંજનાં પાંચ વાગ્યા સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે.

અરજી માત્ર ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

. . . . . . . . . . . . .